“ ભાષા, સાહિત્ય અને સાંસ્કૃતિક અસ્મિતા : એક અભ્યાસ”

DR. JITAL ARVINDBHAI RATHOD
DEPARTMENT OF GUJARATI
ADHYAPAK SAHAYAK,
S. B. GARDA ARTS & P. K. PATEL COMMERECE OF COLLEGE, NAVSARI.
MO: 9428590766

પ્રસ્તાવના :

વૈશ્વિકક્રાંતિઓ વચ્ચે સાંપ્રત યુગમાં સાંસ્કૃતિક વારસા હેઠળ ભારતીય સમાજ મૂળભૂત રીતે પોતાની પરંપરાઓ અને સંસ્કારોને સાચવી તેનું જતન કરતો આવ્યો છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તેના વૈવિધ્ય, આધ્યાત્મિકતા અને સામાજિક મૂલ્યો માટે વિશ્વમાં ઉચ્ચ સ્થાન બજાવે છે. ભારતીય જ્ઞાન પરંપરામાં 'ભારતીય સંસ્કૃતિ' સામાજિક, ધાર્મિક અને પ્રાદેશિક જૂથોમાં વહેચાયેલી જોવા મળે છે. આથી જ આધુનિક ભારત ઘણી ભાષાઓ, ધર્મો અને પરંપરા સાથે ખૂબ જ વૈવિધ્યસભર છે. આ સાંસ્કૃતિક પરંપરાઓ સાથે ઐતિહાસિક ઘટના અને પશ્ચિમી સંસ્કૃતિ એટલી જ અસર નીપજાવે છે. સંસ્કૃતિ ભાષા દ્વારા જ ઘડાય છે. સમાજ જોડાતા તે તેનું પરિમાણ બને છે. જયારે રાષ્ટ્ર કે સમાજની વાત આવે ત્યારે ભાષા અને સંસ્કૃતિને કારણે જ તે અસ્તિત્વમાં હોય છે. ભાષા દ્વારા જ સંસ્કૃતિનું નિર્માણ થાય છે. સાહિત્યિક ગ્રંથો વિશ્વભરમાં ભાષા દ્વારા પ્રસ્થાપિત સંસ્કૃતિનું વર્ણન કરે છે. જેનાથી મનુષ્ય પોતાની એટલે કે 'સ્વ' ની શોધ કરે છે. કોઈપણ સમાજમાં જ્ઞાન પ્રાપ્ત કરવા ભાષા અને સંસ્કૃતિથી જ તે સંસ્કરણ પામશે. ભાષા સંસ્કૃતિનું અંગ છે, જેનાથી વ્યક્તિના ચારિત્ર્ય અને બુદ્ધિમતાનો ખ્યાલ પ્રસ્થાપિત થાય છે. તે જ રીતે સમાજ પણ પોતાની સાંસ્કૃતિક અસરથી જ ગતિ કરે છે. સમાજની ભાષા, કલા, ધર્મ, વેપાર એ નવીનીકરણ દ્વારા ગતિ કરે છે. આપણી ભાષાની સંસ્કૃતિ, ઐતિહાસિકતા અને વારસો ઘણો પ્રાચીન છે. આપણી સાહિત્યિક સમૃદ્ધિ એ સાંસ્કૃતિક પરંપરા, ઇતિહાસ અને મનુષ્યોના જીવનમૂલ્યોને જીવંત રીતે અભિવ્યક્ત કરે છે. સામાજિક, ધાર્મિક પરમ્પરા, વૈશ્વિક-આંદોલન, વેપાર-વાણિજ્ય અને લોકજીવનથી સમૃદ્ધ લોકસાહિત્ય જીવનને નવી દિશા આપે છે.

ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યિક વારસાની સમૃદ્ધિ :

ભાષાનો સામાજિક વારસો સંસ્કૃતિને ટકાવી બૌદ્ધિકજ્ઞાન, સમાજસુધારણા અને વિચારપ્રસારનું સાધન બની દિશાસૂચન કરે છે. એટલે સાહિત્ય એ આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને અસ્મિતાની આત્મા જેવું માધ્યમ બને છે. સાહિત્ય એ જ જીવનનું પ્રતિબિંબ તાદ્રશ્ય કરે છે. જેમાંથી સર્જક પણ શુદ્ધ કલાનું નિર્માણ કરે છે. સાહિત્યના બીજ સાંસ્કૃતિક પરિબળોમાં જ પડેલા હોય છે. એકવિધતાનો અતિરેક પણ પરિવર્તનની જેમ ગતિ કરે છે. નવીનીકરણ અને ટેકનોલોજી પણ પુરવાર નીવડે છે, જે આધુનિક બદલાવને દર્શાવે છે. અરૂઢ પ્રવાહો સામે રૂઢ પ્રવાહો ટકી રહેવા મથે છે. એટલે જ ભાષા, સંસ્કૃતિ અને સાહિત્ય સામાજિક પરિવર્તનનાં સંઘર્ષાત્મક વહેણોમાંથી નવું પરિમાણ સર્જે છે. સામજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક બદલાવ કે ઉથલપાથલ સાંપ્રત

પરિવર્તનો લાવે અને તે નૂતન લક્ષણો સાથે પ્રગટે છે. આમ સાહિત્ય, સમાજ અને ભાષા નિરંતર પરિવર્તનશીલ રહે છે. સર્જક પણ ભાષાના માધ્યમથી જ સર્જન કરે છે. તેથી બદલાતા સાંપ્રત વહેણોનું પ્રતિબિંબ ઝીલી સર્જક અસરો જન્માવે છે. આવા પ્રવાહોની અસરથી સમાજમાં પણ બદલાવ આવે છે. આથી સાહિત્યમાં મનુષ્યોના જીવનના મૂલ્યો વિષય અને અભિવ્યક્તિ પરત્વે નૂતન પરિમાણ લાવે છે.

આ રીતે સામાજિક વિકાસની ઐતિહાસિક અવસ્થા ભારતીય જીવન અને વિચારસરણી માટે પ્રતિબિંબત રહી હતી. પ્રાચીન ઇતિહાસની સંસ્કૃતિ કે સિંધુખીણની સભ્યતામાંથી સંસ્કૃતિના પુરાવા મળતા, આર્યો પહેલાના મનુષ્યોના જીવનની ઓળખ અને તેમની સંસ્કૃતિની માહિતી પૂર્વેના ગ્રંથોમાંથી પુરાવારૂપે સ્પષ્ટ મળે છે. પ્રાચીન સમયમાં પશ્ચિમી સંસ્કૃતિના લોકો ભારતની અસ્મિતા અને સંસ્કૃતિથી પ્રભાવિત થયા હતા તે પણ સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. જે બહારનું આક્રમણ કહી શકાય. ઇતિહાસવિદો, નૃવંશશાસ્ત્રીઓ અને સામાજિક-રાજકીય અને મનોવૈજ્ઞાનિકોના વિચારોમાં આર્યોના આક્રમણ પહેલા વિશ્વના બીજા ભાગમાં વસવાટ કરતા જે દ્રવિડિયન પ્રજા મળી હતી, જે ભારતના મૂળ વસવાટીઓ હતા અને આદિકાળના સમાજના માનવીઓ હતા. આ એક માહિતી પ્રાચીન સંદર્ભ ગ્રંથમાંથી ઉલ્લેખ મળે છે. સમય જતા આર્યો આવતા આખી પરિસ્થિતિ બદલાય છે. પ્રાકૃતિકતા, શિકાર, વિદ્યાઓ, પશુપાલન, ખેતી, પાષણ વગેરેમાંથી નીકળી આ સમાજ બદલાયો. દેશની એકતા, કલા, સંસ્કૃતિ અને આર્થિક સમૃદ્ધિમાં પરિવર્તન આવવું એ આખો ઈતિહાસ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૈશ્વિક અને રાજકીય રીતે ભાષાની ભૂમિકા સાથેનો વિકાસ સમાજમાં આમૂલ પરિવર્તન લાવે છે. ઋગવેદથી માંડી, હિંદુરાજતંત્ર, પશ્ચિમી આક્રમણ, સંતપરંપરા, મુસ્લિમસત્તાનું શાસન, નવજાગૃતિ સમયકાળના ભારતીય સમાજમાંથી ૫૦૦૦ વર્ષ સુધીના સામાજિક ઇતિહાસમાં ભારતીય સમાજ, ભાષાનો વિકાસ, સંસ્કૃતિની સુધારણાઓ મળે છે. અહીંથી સમાજજીવન બદલાય છે. પ્રાચીન સંસ્કૃતિથી બદલાતો અભિગમ મનુષ્યજીવનમાં પણ બદલાવ ઝંખે છે. આ જીવનશૈલીનો બદલાવ, સામાજિક મૂલ્યો, આદર્શો, માનવ પ્રત્યેની શ્રદ્ધા, સંવેદનાઓ, અસ્તિત્વની ઓળખ, અસ્મિતાની પરખ કરાવતું સામાજિક સંચેતનાવાળું સાંપ્રત માનવસમાજ આ બધા પરિબળો નવ્યભાવનાના આવિષ્કારરૂપે પ્રસ્થાપિત થાય છે.

ભાષા સંસ્કૃતિનું વાહક પરિબળરૂપે :

ભાષા એ બહુ પરિમાણીય છે. એટલે કે સતત પરિવર્તનશીલ છે. જેનો ઇતિહાસ બહુ પ્રાચીન મળે છે. માનવ વાણીનો વિકાસ થતા સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. એટલે જ કહેવાય છે કે ભાષા

એ સંસ્કૃતિનું જ એક અંગ છે. સંસ્કૃતિનો પ્રભાવ ભાષા અને સમાજ પર પ્રચંડ રીતે પડે છે. ભાષાના માધ્યમથી જ સંસ્કૃતિની ઓળખ કરાવનાર પ્રજા, તેનું મૂળ ગોત્ર, રહેઠાણ અને સાંસ્કૃતિક જીવનનો ખ્યાલ આવે છે. સંસ્કૃતિ માનવજીવનના સંદર્ભે વિચારીએ તો વ્યાપક અર્થમાં તે સમાજજીવનની રચના ગોઠવે છે, જીવનક્રમ બદલે છે અને ભાષાની અભિવ્યક્તિ પણ સાધે છે. ભાષા એ સંસ્કૃતિ અને સમાજનું ઉત્પાદન અને સાધન બને છે. સામાજિક ટેકનોલોજી તરીકે ભાષા સમુદાયો દ્વારા જ્ઞાન પ્રસારિત કરે છે અને વહેચાયેલ સામાજિક પ્રથાઓને પુનઃનિર્માણ કરી પરિવર્તન લાવે છે. જે વૈશ્વિક સ્તરે લુપ્ત થતી બોલીઓ અને પશ્ચિમીના પ્રભાવ તળે મૂળ વારસાને સાચવવા પ્રયાસો કરે છે. જે સાંસ્કૃતિક અર્થોને અને સામાજિક સંબંધોને સુઆયોજિત કરે છે. આથી આ સાંસ્કૃતિકતાના વિવિધ પાસાંઓ સાથે માનવીના મૂલ્યોનું પ્રગટીકરણ અને પરિવર્તન કરાવતા પરિબળો ગણાવી શકીએ જેમ કે, માનવીની અસ્મિતા પ્રચંડ રીતે પરંપરાના વિરોધ અને નવા મૂલ્યોને સ્વીકારે છે, ન્યાયી સમાજને સ્વીકારે છે, રૂઢિઓ સામે બદલાવ ઝંખતો સમાજ નૂતન વિચારધારા સાથે પોતાની ગરિમાની નવી ઓળખ પ્રાપ્ત કરે છે, સામાજિક દરજ્જો અને અધિકાર દાખવતા પ્રસ્થાપિત મૂલ્યો સામે ક્રાંતિ અને પુનઃસર્જન કરવું, અસ્મિતાની ઓળખ સાથે જીવનનું યથાર્થ ચિત્રણ અને વાસ્તવિક જીવનનો ઉદ્દેશ્ય, સંસ્કૃતિનું ગૌરવ દાખવી પ્રતિબધ્ધતાનું આંદોલન ભાષાના માધ્યમથી નવી દિશા પ્રાપ્ત કરે છે. સાહિત્ય સર્જન એ ઉદાત્ત મૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરાવી માનવીના અસ્તિત્વની ઓળખ ઊભી કરી આપે છે.

આમ મનુષ્ય સૌન્દર્યના હેતુથી સર્જન કરી કલાકાર બન્યો. વાણી દ્વારા રસનું સર્જન કર્યું. આવું વાસ્તવદર્શી સાહિત્ય મનુષ્યજીવનના તમામ પાસાંઓને પ્રસ્તુત કરે છે. સાહિત્ય સર્જક પોતાના વિચારો અને ભાવો દ્વારા ભાવકના ચિત્તમાં પ્રત્યાયન કરે છે. સર્જક-ભાવક વચ્ચે વ્યવહારના ઉપાદાનના માધ્યમથી કલાકૃતિનું નિર્માણ થઈ સામાજિક દ્રષ્ટિથી મૂલ્યાંકન થાય છે. સમાજ ભાષાના માધ્યમ દ્વારા મનુષ્યોની આંતરક્રિયાના સાતત્યનું વ્યવસ્થાતંત્ર ઘડે છે. સાહિત્ય સામાજિક પ્રક્રિયાનું પરિબળ બની પોતાની ચેતનાથી સમાજનું કલાકીય દર્પણ દેખાડે છે. આમ ભાષાના માધ્યમથી સાહિત્ય અને સંસ્કૃતિની અસ્મિતા મનુષ્યની ચેતનાના પ્રતિબિંબ કરાવતું માધ્યમ સફળ નીવડ્યું છે. આ પ્રક્રિયા માત્ર સર્જકના પક્ષે હોવાથી કલાત્મકતા સિદ્ધ કરવા સાહિત્યકાર સમાજ માટે પ્રવૃત્ત રહે તે અપેક્ષા વધુ રાખતી હોય છે. જેમાં ત્રણ પરિબળો સમાવિષ્ટ છે. સાહિત્યકાર, સર્જનકલા અને સાહિત્યિક સમાજતંત્ર સાથેનો અનુબંધ. મનુષ્યની ઓળખ અને અસ્મિતા આ પરિબળોથી સજ્જ બને છે. આથી સ્થળ કાલ સંદર્ભિત સર્જનમાં સમાજ વ્યવહારિક પરિવેશ,

માનવીના મૂલ્યો, માનવીય સંદર્ભો, સંસ્કૃતિ અને સમાજનો સંઘર્ષ, લાગણી-ભાવનાનું સમાધાન ---બધું જ સાંપ્રત પરિબળોના અનુભવમૂલક વિશ્વમાંથી અવતરે છે. આમ સાહિત્યનો શબ્દ મનુષ્યજીવનનો ધબકાર બને છે. મનુષ્યચેતના અભિવ્યક્તિનું માધ્યમ બની જીવનને ઉત્તમ રીતે જીવવાનું પ્રેરક પરિબળ બન્યું છે. જે યુગે યુગે નવતા ધારણ કરી, સૌન્દર્યોન્મેષ પ્રગટ કરી માનવજીવન અને સમાજને જીવતો રાખે છે. આ ભાષાની શક્તિ અને શસ્ત્રબળ મનુષ્યના જીવનની ખરી અસ્મિતા પ્રગટાવે છે. આ સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિ અને પ્રચંડ તાકાત રસાનંદભરી સૃષ્ટિનું સર્જન કરી સંસ્કૃતિનું જતન કરે છે અને ગૌરવ પ્રગટાવે છે. જે મારા આખા સંશોધનલેખમાં ભાષાનું માધ્યમ સાહિત્ય અને સંસ્કૃતિ માટે ઉત્તમ ઊર્જાયુક્ત પરિબળ નીવડ્યું છે, જે સંસ્કૃતિની અસ્મિતાને પ્રગટાવે છે અને જીવનની સમીખા સમજાવે છે. આ હેતુથી મેં મારા આ સંશોધનલેખમાં અહી ભાષા, સાહિત્ય અને સાંસ્કૃતિકની અસ્મિતા પરના વિચારો સ્પષ્ટ કરી અભ્યાસ કર્યો છે.

સંદર્ભ સૂચિ :

(૧) ગુજરાતી ભાષા અને સાહિત્ય : નરસિંહરાવ દિવેટિયા

(૨) ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ : કાન્તિલાલ વ્યાસ

(૩) ભાષા, સાહિત્ય અને સમાજ : યોગેન્દ્ર વ્યાસ

(૪) ગુજરાતી ભાષા અને સાહિત્ય : ચંદ્રકાંત બક્ષી

(૫) વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ : ગૌતમ પટેલ

(૬) ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ : નવીનચંદ્ર એ. આચાર્ય